

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*સરકારે ચૂંટણીના ચોકમાં ચણ નાખી દીધું,*
*કર્મચારીઓને કસી-કસીને કણ નાખી દીધું,*
*બણ-બણે જીવાત બધા નિર્ણયમાં ચૂંટણીની -*
*લોકો શીંગડા ભરાવે પ્હેલાં નીરણ નાખી દીધું.*

હાઈકુ

*ટાઉનહોલ*
*છે ઈજનેરો માટે*
*દુઝણી ગાય!*

*વટાવી લે છે*
*આચારસંહિતા ને*
*લાચારતંત્ર*

### ચિંતન

**મર્યાદામાર્ગ વૈરાગ્યાંઘભાવેડપિ ગતિઃ સતામ્ ।**
**ચિન્તાસન્તાનહન્તારોડપ્પાચાર્ય પદરેણવઃ ॥**

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

મર્યાદા માર્ગમાં વૈરાગ્યના અભાવમાં પણ સજ્જનોની ગતિ થાય છે. કારણ કે શ્રીમદ્ આચાર્યચરણના રેણુઓ ચિંતાના સમૂહનો નાશ કરે છે.

મર્યાદા માર્ગની એવી રીતિ છે કે જ્ઞાનવૈરાગ્યના પરમ ગતિ થાય છે. જેટલા સાધન જીવ કરે છે. તે પ્રમાણે ઉત્તમ ગતિની કક્ષાઓ તે પ્રાપ્ત કરે. જો વધારે સાધના કરે તો વધારે ફળ પ્રાપ્ત કરે. મર્યાદા માર્ગ એટલે પ્રમાણ માર્ગમની એવી રીત છે કે જ્ઞાનથી બ્રહ્માના લોકમાં સત્યલોકમાં ગતિ થાય પરંતુ એમ સાધનાનુસાર ફળ પ્રાપ્તિ થાય એવી રીતે પુષ્ટિમાર્ગમાં નથી.

જેમણે નિજ આત્માને નિવેદિત કર્યો છે એવા ભગદીયોએ ચિંતા કદાપિ ન કરવી. પ્રભુ શરણ આવેલા જીવાએ કદાપિ કોઈ પણ પ્રકારની ચિંતા કર્તવ્ય નથી.

### સુવિચાર

- શિક્ષણ એટલે યોગ, ઉદ્યોગ અને સહયોગનો ત્રિવેદી સંગમ - **વિનોબા ભાવે**
- નિષ્કપટતા અને સરળ શ્રદ્ધા એ પ્રભુના દરબારના માર્ગો છે - **રામકૃષ્ણ પરમહંસ**
- જ્ઞાનથી એકતા જન્મે છે, અજ્ઞાનથી ભેદ - **જીવન પાથેય**
- ઈશ્વર બધા મનુષઅયોમાં છે પણ, બધાં મનુષ્યો ઈશ્વરમાં નથી,
  એટલે જ તેઓ દુઃખ ભોગવે છે - **રમણ મહર્ષિ**
- હે દયાળું ! આપો દયાનો મને હિસાબ પ્રથમ,
  નહીં તો પાપનો મારી કને હિસાબ નથી - **અમૃત ઘાયલ**
- યહાં હર કોઈ યાત્રી હૈ, કંઈ લોગ ગંતવ્ય કે લિયે ઈંતજાર કરતે હૈ,
  કેવલ કુછ હી યાત્રા કા આનંદ લેતે હૈ - **ઓશો**
- આજનું ઔષધ : અડધી ચમચી સિંધવ મીઠુંમાં પાંચ લીંબુનો રસ અને બે ચમચી ઓલિવ ઓઈલ મિક્સ કરી હાથપગ પર મસાજ કરવાથી, હાથપગની કાળાશ દૂર થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અતિ ધનવાન શેઠે કયારેક સાચા રસ્તે તો કયારેક ખોટા રસ્તે ખૂબ ધન સંચય કર્યો. કોઈ કોઈ વાર દયા આવી જાય તો સગાને થોડી ઘણી આર્થિક મદદ પણ કરી. એવામાં જીવલેણ રોગ લાગુ પડતા શેઠનું અચાનક મૃત્યુ થયું. યમદૂતો શેઠને લઈ યમરાજ પાસે જતા હતા ત્યારે શેઠે યમદૂતોને કહ્યું, 'મારો થોડી વાર માટે ઘરે પાછા ફરવું છે, મારા પરિવારના સભ્યોને મળવું છે.' યમદૂતો એ કહ્યું, 'અમારો નિયમ છે કે જેમને પૃથ્વી પરથી લીધા હોય તેમને યમદેવ પાસે હાજર કરવા આમ છતાં યમદેવ પરવાનગી આપે તો તમને ઘરે જવા મળી શકે.' યમદેવ પાંચ મિનિટ શેઠને પરવાનગી આપી. શેઠ પૃથ્વી પર આવ્યા. પોતાના ઘરમાં પ્રવેશ્યા અને બે જ મિનિટમાં તો દોડતાં દોડતાં યમદૂતો પાસે આવીને બોલ્યા, 'ચાલો, જલ્દી જલ્દી, યમદેવ પાસે પહોંચી જઈએ.' યમદૂતો શેઠની આવી અધીરાઈ જોઈ અચરજ પામ્યા એમણે શેઠને કારણ પૂછ્યું ત્યારે શેઠે કહ્યું, 'હું માનતો હતો કે મરી વિદાયથી મારા પરિવાર જનો આઘાતમાં હશે, દુઃખી હશે, પણ મેં જઈને જોયું તેઓ મારી સંપત્તિની વહેંચણી માટે ઝઘડતા હતા. કોઈક એવું કહેતું હતું કે શેઠમાં સમજ કયાં હતી? કોઈ બોલતું હતું શેઠ સાવ મૂર્ખ હતા. આવું બધું સાંભળી મને મારા પરિવારજનો પર ખૂબ ગુસ્સો આવ્યો છે. તેઓનો રસ મારી સંપત્તિમાં હતો અને મારી વિદાયનો કોઈને અફસોસ ન હતો.'યમદૂતે કહ્યું, 'જુઓ શેઠ સહુને આ સત્ય સમજાય છે ખરું, પણ સમજવામાં ઘણો વિલંબ થાય છે. હવે તમારી સાથે કોઈ નથી. ન સંપત્તિ કે ન સગાંવહાલાં. હવે માત્ર કર્મ.'

# મહત્ત્વાકાંક્ષાની કોઈ સીમા નથી હોતી

**તંત્રીસ્થાનેથી...**

પવિત્ર પર્યુષણ પર્વ અને ગણપતિ મહોત્સવની સંગત વચ્ચે રાજકારણની રંગત પણ 'કોમન મેન' માટે મનોરંજન ઉપરાંત આશ્વાસન બની રહેલ છે. ગુજરાતમાં સત્તા પલટો થયો છે. થોડાં આંસુ ખર્યાં છે, ઘણા નિસાસા શમી ગયા છે. નિવૃત્ત કરી દેવાયેલા 'ગુજરાતના નાથ' કહે છે : હું તો કાયમી 'સીએમ' છું. એમનો કહેવાનો અર્થ છે કે પોતે 'કોમન મેન' વાળા સીએમ છે. એ પદ પરથી તો એમને કોઈ કયારેય હટાવી શકવાનું નથી. નાયબ મુખ્યમંત્રી લોકનજરે કરુણાંત કથાના નાયક બની રહ્યાં છે. તેઓએ રાજીનામું આપ્યા પછી રાજયપાલ સાથે નવા વરાયેલા મુખ્યમંત્રીના અણવર તરીકે દોડી જવાને બદલે પોતાના મતવિસ્તાર મહેસાણામાં જવાનું પસંદ કર્યું. ત્યાં જઈને ખોંખારો ખાધો કે જયાં સુધી મારું સ્થાન પ્રજાજનોના હૃદયમાં છે ત્યાં સુધી મને કોઈ હટાવી શકવાનું નથી. સૂકી લીલી, ચડતી પડતી તો આવે ને જાય. વળી ગાડી હું જ ચકી ગયો એવું ક્યાં છે ? બીજા પણ કતારબંધ ઊભેલા હતા. પછી ભૂપેન્દ્ર પટેલને પોતાના જ માણસ અને નાતીલા ગણાવી એમના પ્રત્યે શુભેચ્છા પણ વ્યક્ત કરી. નામજોગ 'નીતિન' ગડકરી કયારેક ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ હતા. એમની મંત્રી તરીકેની કારકિર્દીમાં પણ એ મહારાષ્ટ્ર સરકાર હોય કે કેન્દ્ર સરકાર : શ્રેષ્ઠ જ રહ્યા છે. યોગાનુયોગ રાજસ્થાન વિધાનસભામાં 'સંસદીય લોકતંત્ર અને જન અપેક્ષા' વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદમાં બોલતા એમણે કેટલીક માર્મિક વાતો કરી. એમણે કહ્યું કે આ જગતમાં કોઈ સુખી નથી. કારણ કે સુખી માણસને હજી વધારે સુખી થવાની લાલસા પીડ્યા કરે છે. ધારાસભ્ય દુઃખી છે કારણ કે એને પ્રધાન બનવાની તક નથી મળી. જેને પ્રધાન બનવાની તક મળી છે તેને સારું, મલાઈદાર કે પ્રતિષ્ઠાવાળું ખાતું નહીં મળ્યાનું દુઃખ રહે છે. સારું ખાતું સંભાળનારા કેબિનેટ મંત્રીને મુખ્યમંત્રી બનવા નહી મળ્યું એનો અસંતોષ હોય છે. અને મુખ્યમંત્રી પદે બિરાજેલા મહાનુભાવોને પોતાનું એ પદ ક્યાં સુધી ટકશે - એની ચિંતા કોરી ખાતી હોય છે. ગુજરાતમાં થયેલા નેતૃત્વ પરિવર્તન સામેનો આ આડકતરો કટાક્ષ ગડકરીના મોદીની સામેના અસંતોષનો પડઘો પણ પાડે છે. સત્તામાં રહેવા માટે પાર્ટીના હાઈકમાન્ડે એક પછી એક મુખ્યમંત્રીઓને ગાજર-મૂળાની જેમ ફેંકી દઈ એમની જગ્યાએ નવા અને બિન વિવાદાસ્પદ નેતાઓને બેસાડવાની પ્રક્રિયા હાથ ધરી છે. એ પ્રક્રિયા હેઠળ ચાર માસનાં ટૂંકા ગાળામાં ઉત્તરાખંડમાં બે મુખ્યમંત્રીઓ કચરાટોપલી ભેગા થયાં છે, ધરાર પદ છોડવા તૈયાર ન થાય એવા કર્ણાટકના મજબૂત મુખ્યમંત્રીને રુખસદ અપાઈ છે અને છેલ્લે ગુજરાતના સૌમ્ય અને સંવેદનશીલ જૈન મુખ્યમંત્રીને 'મિચ્છામિ દુક્કડં' કહી દેવાયું છે. ગુજરાતને જે નવું નેતૃત્વ સાંપડ્યું છે તે ભૂપેન્દ્ર પટેલ અમદાવાદની સરહદ બહાર બહુ ઓછું જાણીતું નામ છે. પણ તેઓ દાદા ભગવાનના ભક્ત છે અને એમને દીપક દેસાઈના આશીર્વાદ છે એટલે જરૂર કોઈ ચમત્કાર થશે. એમણે સત્તાગ્રહણ કરતાંની સાથે સૌરાષ્ટ્રના જળપ્રલય સંદર્ભે તંત્રને સાબદુ કર્યું છે. જાતે પણ નિરીક્ષણ કરવા જવા આતુર હતા પણ હવામાન પ્રતિકૂળ હતું. ભૂપેન્દ્ર પટેલ સાચા અર્થમાં 'કોમન મેન' છે અને એક સંનિષ્ઠ ધારાસભ્ય છે. પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓએ એમનાં ઓવારણાં લેતી જાહેરખબર છપાવી છે અને નીતિનભાઈએ એમને 'માર્ગદર્શન' પૂરું પાડવાનું વચન પણ આપ્યું છે. બે-ત્રણ દિવસોમાં ભૂપેન્દ્રભાઈને હાઈકમાન્ડની મહેરબાનીથી નવું લોહી, નવી ઊર્જા ધરાવતી ટીમ પણ મળી જવાની છે. આશા રાખીએ કે આ દાદા ભગવાનના માણસ જેમને એમના મતદારો 'દાદા' ના જ હુલામણા નામે ઓળખે છે તે ગુજરાત માટે શુકનિયાળ પુરવાર થાય. નીતિન ગડકરીવાળો અસંતોષનો સિદ્ધાંત ભૂપેન્દ્રભાઈને કોઈ કાળે લાગુ પડે એમ નથી. એ મહત્ત્વાકાંક્ષાને પણ સીમંધર સ્વામીનાં ચરણો તળે દબાવી શકે એવા સદ્‌ગૃહસ્થ છે.

# ભગવાનના મંદિરે તે નિરાશ ઊભો હતો...



નવાં કલેવર
નટવર હેડાઉ

શિવભક્તિનો શ્રાવણ પુરો થયો ત્યાં ગજાનન ગણપતિની સવારી જાણે આવી પહોંચી હોય તેમ ગણેશ ઉત્સવ ઉજવાઈ રહ્યા છે. તો સાથે સાથે શક્તિની ભક્તિ માટે પગપાળા અંબાજી જનાર પદયાત્રીયો માટે વિસામા માટે મોટા મોટા મંડપો રસ્તાની બાજુમાં શોભી રહ્યા છે. તેમાં પદયાત્રીઓ માટે ભોજન, આરામની સગવડ સાથે ચિકિત્સા સુવિધા ઊભી કરી સેવાભાવી કાર્યકરો રસ્તે પસાર થતાં પદયાત્રીઓને બોલાવી બોલાવી તેમની સેવાનો લાભ લઈ રહ્યા છે.

તો સામી બાજુ મોટાં મોટાં હોર્ડિંગમાં સ્મિત રેલાવતાં નેતાઓના બે હાથ જોડેલા ફોટાઓ નજરે પડે છે. જે પદયાત્રીઓ અને પસાર થતાં રાહદાસીઓની નજરે ચડે તે રીતે મુકવામાં આવેલ છે. કારણ કે ચૂંટી નજીકમાં છે.

વિખરાયેલા વાળ, મેલાંઘેલાં કપડાં અને ઉઘાડા પગ, કેટલાંક દિવસથી રઝળપાટથી થાકેલો તેનો ચહેરો જોતાં તેની સ્થિતિનો ખ્યાલ આવે છે. તેની માં તેને વ્હાલથી કનૈયો કહેતી, અને પિતા કાનુડો કહેતા પણ લોકો તેને કનુડિયો કહે છે. કનુને આ બીલકુલ ગમતું નથી પણ શું કરે ? કોઈને કહેવું હોય તે કહે પણ દયા રાખતા હોય તો કેવું ? એ વિચાર કરતો કરતો કનુ મંદિરની બાજુમાં બનાવેલ ગણપતિ ઉત્સવના મોટા મંડપ પાસે પહોંચ્યો. આરતીની તૈયારી થતી હતી. મોટા મોટા થાળમાં પ્રસાદ ધરાવેલ તેમાં લાડું, બુંદી, બરફી વિગેરે જોઈ કનુના મોંમાં પાણી આવી ગયું.


આરતી બાદ પ્રસાદ લેવા માટે લોકોની લાંબી લાઈન લાગી હતી. સંકોચ સાથે તે પણ લાઈનમાં ઊભો રહી ગયો. મીઠાઈ જોઈ તેનું મન તલપાપડ થયું. સહનશક્તિ હદ વટાવી ગઈ. તેણે પુજારીની સામે પોતાના બંને હાથ ફેલાવી દીધા. અને લાચાર નજરે તેની સામે જોઈ રહ્યો. તે પ્રસાદના કાલ્પનિક સ્વાદમાં ડુબેલો હતો. ત્યાં પૂજારીએ તેને ધમકાવી નાંખ્યો. 'એય છોકરા, હટ અહીંથી અહીં અમે કંઈ ખેરાત કરવા બેઠા છીએ કે બે હાથ પહોંળા કરી ઊભો રહી ગયો છે.'

તે ચૂપચાપ, વિચારશૂન્ય લાલસામાં સરકી પડ્યો, જેથી કાલ્પનિક સ્વાદ યથાર્થમાં બદલાઈ જાય. અને અજાણતાં જ તેના હાથનો પદાર્થ જીભની ચાટી ગયો. તેનું મન ખાટું થઈ ગયું. ભગવાનના મંદિરે તે નિરાશ ઊભો હતો. કકડીને લાગેલી ભૂખે તેને બેચેન કરી દીધો. તેનું બાળ મન વારંવાર મીઠાઈના ભરેલા થાળો જોઈ લલચાતું હતું.

તેણે જોયું કે એક દંપત્તિ હમણાં જ કારમાંથી ઊતરી આ તરફ આવ્યું. તેમણે પચ્ચાસની કડકડતી નોટ કાઢી હાથ લંબાવ્યો. તરત પુજારીએ તેમને એક પૅકેટમાં જુદા જુદા પ્રસાદ ભરીને આપ્યું. સાથે ફૂલનો હાર પર આપ્યો. તે દંપત્તિ માટીની મૂર્તિના પગે લાગતાં હતાં. તો આ તરફ પુજારી તેમને અને નોટને.

ઉદાસીન ભાવે તે જોતો રહ્યો. ગાલ પર સરકી આવેલાં ખારાં આંસુના ટીપાંને ચાટતો તે ઉભો હતો. ભૂખને કારણે તેને ગજવામાં હાથ નાંખી જોયો પણ ફાટેલા ગજવાની આરપાર તેનો હાથ નીકળી ગયો.

# મેહૂલો ગાજે ને માધવ નાચે, રૂમઝૂમ વાગે ઘૂઘરડી રે



**મેહૂલો ગાજે ને માધવ નાચે,**
**રૂમઝૂમ વાગે ઘૂઘરડી રે,**
**તાલ-પખાજ વગાડે ગોપી,**
**વ્હાલો વજાડે વેનુ વાંસલડી રે.**
**દાદુર મોર પપૈયા બોલે,**
**મધુરી શી બોલે કોયલડી રે;**
**પહેરણ ચીર ચરણાં ને ચોળી,**
**ઓઘણ આછી લોબરડી રે,**
**ધન્ય જમનાતટ,**
**ધન્ય બંસીવટ,**
**ધન્ય ધન્ય આ અવતાર રે,**
**ધન્ય નરસૈંયાની જીભલડી,**
**જેણે ગાયો રાગ મલ્હાર.**

અમારી ગાંધીનગર સાહિત્ય સભામાં શ્રી રમણભાઈ શ્રીમાળી કાયમ કૃષ્ણનાં ગીત જ રજૂ કરતા. તેમનો અવાજ સારો હતો એટલે હંમેશા ગાઈને રજૂ કરતાં. કોરોનાકાળમાં અમારે તેમને ગુમાવવા પડ્યા છે. પણ આજે કૃષ્ણનું ગીત રજૂ કરવાનું મન થયું અને તેઓ તુરત સાંભર્યા. તેમણે " વાંસલડીના સૂર" એવો એક કાવ્યસંગ્રહ પણ પ્રસિધ્ધ કરેલો છે.

આજના કવિઓ કોઈ કૃષ્ણકાવ્ય રજૂ કરે અને પ્રાચીનકાળના ભક્તકવિઓ કોઈ કૃષ્ણકાવ્ય રજૂ કરે તેમાં આભજમીનનો ફેર છે. આજના કવિની રચનામાં શબ્દોની ઝાકઝમાળ અને નવા યુગની ઓળખ રહેવાની, જ્યારે નરસિંહ-મીરાં જેવા કવિઓમાં ભક્તિની ભાવના ઝાઝી રહેવાની. તેમની કવિતામાં બધા શબ્દો મગજમાંથી નહીં પણ હૃદયમાંથી ટપકેલા હોય. તેઓની ઈશ્વરભક્તિ શિરમોર હોય એટલે એકે એક શબ્દ ભક્તિરસમાં ભીંજાઈને આવ્યો હોય. નરસિંહે તો ચોખ્ખે ચોખ્ખુ કહી જ દીધેલું કે " ભૂતળ ભક્તિ પદારથ મોટું, બ્રહ્મલોકમાં નાહિ રે." એવા આપણા આદ્યકવિશ્રી નરસિંહ મહેતાની આ કવિતા છે.

અત્યારે વરસાદની સીઝન છે. મેહૂલિયાએ મોડે મોડે મહેર કરી છે.( રાજકોટ- જૂનાગઢ- વિસાવદરમાં તો કાળો કેર કર્યો છે.) હમણાંથી તો રોજેરોજ આકાશમાં વાદળાં ચડી આવે છે, મેઘગર્જનાઓ થવા લાગે છે , વીજળી ચમકારા કરે છે અને થોડીવારમાં ધડૂડૂડૂ કરતો વરસાદ વરસવા માંડે છે. શ્રી કૃષ્ણ નાના હતા ત્યારે તે સમયે પણ એકાએક ક્યાંકથી વાદળ ધસી આવ્યાં હશે. વીજલડીએ ચમકારા કર્યા હશે. વાદળના અવાજથી કે વીજળીના ચમકારાથી શ્રી કૃષ્ણ કદાચ પહેલાં તો ગભરાઈ ગયા હશે પણ પછી મેઘલીલાથી આનંદીત થઈ ગયા હશે અને તાળીઓ વગાડતા તા થૈ, તા થૈ કરતા નાચવા લાગ્યા હશે. એવું સુંદર ચિત્ર આપણા આદ્યકવિએ આપણી સામે રજૂ કર્યું છે.



મનના ઉમંગો
રણછોડ પરમાર

મેહૂલો ગાજે છે અને એના તાલમાં તાલ મિલાવી માધવ નાચે છે. શ્રી રજનીશજી કહેતા કે આખા વિશ્વમાં નૃત્ય કરતા હોય એવા ભગવાન કેવળ આપણને મળ્યા છે. બાલકૃષ્ણ નાચે અને એમના પગમાં પહેરાવેલી ઝીણી ઝીણી ઝાંઝરીઓ વાગવા માંડે છે.એ જોઈને ગોપીઓ તાલ-પખવાજ વગાડે છે. મેઘગર્જના, વીજ ચમકાર, તાલ-પખવાજ, બાળકનું નૃત્ય અને ઘૂઘરીના ઘમકારનું અનેરું મિશ્રણ થાય છે. તેમાં પ્રકૃતિ પણ સાથ પૂરાવે છે. દાદુર-મોર –પપૈયા પણ તાલમાં તાલ મિલાવી પોતાના સૂર રેલાવે છે.( ગાંધીનગરમાં હવે દાદુર એટલે કે દેડકાનો અવાજ સાંભળવા મળતો નથી, પણ મોરના ટહૂકા ઘણીવાર કાનના નસીબ ખોલી દે છે. અને પપૈયા તો રામ જાણે કોણે સાંભળ્યા હશે ? આપણા રામે તો કદી સાંભળ્યા નથી કે જોયાય નથી. ) કહાનો હોય અને વાંસળીની વાત ના આવે એવું તો કેવી રીતે બને ? આ સૂરસભામાં કૃષ્ણ પોતાની વાંસળીના સૂર રેલાવી આખાય ચિત્રને પરિપૂર્ણ કરે છે. નરસિંહ મહેતા પગની ઝાંઝરી વગાડી છમછમ નાચતા બાળકૃષ્ણનું ચિત્ર આલેખવા બેઠા છે તો તેમણે કેવાં વસ્ત્ર પહેર્યાં છે તે પણ આ શક્તિશાળી કવિ એક લીટીમાં બતાવી દે છે. ( આનું નામ લાઘવતા.) કહાનાએ પહેરણ પહેર્યું છે, ચરણાં પહેર્યાં છે, ચોળી પહેરી છે અને ખભે પાતળી લોબરડી એટલે કે કામળી ઓઢી છે. ( અંગ્રેજી માધ્યમવાળા બાળકો તો આ લોબરડી શબ્દ સાંભળીને ચક્કર ખાઈ બેસે.)

આવું સુંદર ચિત્ર જેમને માણવા મળ્યું છે તે જમનાતટ, ગોપીઓ, બંસીવટ બધા ધન્ય છે. અને જેને આ ગીત ગાવાનો લહાવો પ્રાપ્ત થયો છે તે નરસિંહ મહેતા પણ ધન્ય છે. છેલ્લી લીટીમાં કવિ પોતાની મહત્તા બતાવ્યા વગર રહી શકતા નથી. મારા મનમાં તો એક એવી પણ શંકા જાગે છે કે ભક્ત કવિએ કૃષ્ણની આ બધી લીલા જોવા તો મલ્હાર ગાઈને મેહૂલિયાને તેડાવ્યો નહીં હોય ને ? રામ જાણે !

# છોકરી જોઇ ઓનલાઇન

મારો મિત્ર ચીમન ચપટી નસીબનો એવો કે એની લગનની ઉંમર થઈ ગયેલી એટલે કન્યાઓ જોવાનું અમે શરુ કરવા વિચારતા હતા ત્યાં જ ચીમનનો દુશ્મન બનીને કોરોના આખા દેશમાં છવાઈ ગયો !

પહેલા વર્ષમાં તો ઘણો બધો સમય સંપૂર્ણ લોકડાઉઅન અને અંશતઃ લોકડાઉન, સરકારી કરફ્યુ, જનતા કરફ્યુ-સ્વયંભૂ બંધ વિગેરેમાં વીત્યો.



બીજા વર્ષે કોરોનાએ ફરીથી ઉથલો માર્યો તો ચીમનના મનમાં પ્રભૂતામાં પગલાં પડવાની બંધાયેલી આશા ઉપર જાણે કે પાણી ફરી વળ્યુ. પણ એમ કંઈ ચીમન પારોઠનાં પગલાં ભરે એવો નહતો... એને પણ કોઈ પણ રીતે તારક મહેતાના પત્રકાર પોપટલાલની જેમ લગ્ન ગ્રંથિથી જોડાવું જ હતું, અને પત્નીના પ્રેમની પ્રસાદીને પામવી જ હતી..!હવે લોક ડાઉન અને અંશતઃ લોકડાઉનને કારણે વાહનવ્યવહારની સેવાઓ એટલી સરળતાથી ઉપ્પલબ્ધ થતી ન હતી. બસો દોડતી હતી પણ ચીમન બસની મુસાફરી કરીને કોરોના વાયરસને નિમંત્રણ આપવાનું જોખમ ઉપાડવા માગતો ન હતો. તો બીજી તરફ લગ્ન માટે કન્યાઓ જોવાનું તો ગોઠવવું જ પડે !

કન્યા જોયા વગર તો લગ્ન કેવી રીતે નક્કી કરી શકાય ??

એટલે અમે મિત્રોએ જે બે ત્રણ કન્યાઓના વાલીઓએ ચીમનમાં રસ બતાવેલો એમની ચીમન સાથે ઓનલાઈન મુલાકાત કરાવવાનું ગોઠવ્યું. વીડીયો કોલિંગ કરીને ચીમન કન્યાને જૂએ અને બંને જણ તરત જ વોઈસ કોલ કરીને વાત પણ કરી લે એવી ગોઠવણ પણ કરી નાખી. આમાં પહેલીવાર વીડીઓ કોલિંગ કર્યું તો કન્યાના ઘરમાં ડ્રોઈંગ રુમમાં સોફા પર બે ત્રણ યુવતીઓ બની ઠનીને બેઠેલી દેખાણી. ચીમન તો દેખાવડી કન્યાઓને જોઈને પાણી પાણી થવા લાગ્યો. ચીમનના મોટાભાઈએ પહેલાં કન્યાના વડીલ સાથે અનૌપચારિક વાત કરી લીધી. પછી વારો આવ્યો ચીમનનો. સોફામાં બેઠેલી ત્રણે યુવતીઓ રૂપાળી હોવાથી ચીમનને કનફ્યુઝન હતું કે આમાં એણે જોવાની કન્યા કઈ હશે ??એટલે એણે ચોખવટ કરવા પૂછી જ લાધું,

'સોફામાં ત્રણ કન્યાઓ છે એમાં લગ્ન કરનાર કન્યા પોતાનો હાથ લંબાવે તો મને જરા ખબર પડે કે મારે કોને જોવાનાં છે...' ચીમન કન્યાને માન આપવાનું ચૂક્યો નહિ પણ એના સવાલથી સોફામાં બેઠેલી યુવતીઓએ તરત કંઈ રીએક્શન ન આપ્યું. પણ બાજુના રુમમાંથી કદાચ કન્યાનો ભાઈ એક બીજી કન્યાનો હાથ પકડીને દોરીને લાવતો હોય તેમ મોબાઈલના કેમેરા આગળ લાવીને મૂકી ગયો.ને તે છોકરીએ ચીમન સામે હાથ હલાવ્યો..ચીમને જોયું તો એ છોકરીનો ચહેરો કાળો હતો પણ તે હસી ત્યારે એના ધોળા દૂધ જેવા દાંત એને ચોખ્ખા દેખાણા. ચીમન આ કન્યાની આવી મુખ મુદ્રા જોઈને એકદમ ભડકી ગયો કે એને વધારે કશું પૂછવાની હિંમત ચાલી નહિ,એ જોઈ ચીમનના મોટાભાઈએ છોકરીનું નામ,ઉંમર અને અભ્યાસ વગેરે પૂછી લીધું.તે પછી રુબરુ મુલાકાત કરવી પડશે એમ કહીને વીડીઓ કોલ કટ કર્યો. ચીમનને કન્યાનું ઓનલાઈન મુખ દર્શન ખૂબ જ ભારે લાગ્યું. બીજા દિવસે બીજી એક કન્યાની વીડીઓ કોલિંગથી મુલાકાત કરી તો એમાં કન્યા તો ગોરી હતી પણ એટલી બધી જાડી હતી કે ચીમનને એનું શરીર જોઈને જ ગભરામણ થઈ ગઈ.. ચીમને બે કન્યાઓનાં ઓનલાઈન દર્શન કર્યા પછી મને કહ્યું,



રંગ અને વ્યંગ
અનંત પટેલ

'સાહેબ,આમ કાંઈ ભલીવાર ના આવે, આમાં દેખાય કાંઈ અને હું હમજું કાંઈ, એના કરતાં આપણે છાપામાં 'કન્યા જોઈએ છે' એવી જાહેરાત આપીએ અને તેમાં મારો મોબાઈલ નંબર આપીએ અને કોરોનાની મહામારી જતી રહે પછી આપણે કન્યાને ફોન કરીને રુબરુ જ મળવાનું જોવાનું રાખીએ...' ચીમનની વાતમાં દમ હતો એટલે મેં સંમતિ આપી... હવે અમારા ચીમનભાઈ ચપટી કોરોનાની કાયમી ધોરણે જવાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે, જોઈએ એમના જીવનમાં કન્યા યોગ છે કે કેમ ? જો હા, તો એમને કેવી કન્યા મળે છે એ જોવાનું ભારે રસપ્રદ બનશે એટલું તો નક્કી જ હતું. આશા રાખીએ કે કોરોનાના ત્રીજી લહેર પાછી ના ભટકાય...

**Mo. 9898409053**
**- anantpatel135@yahoo.com**

# એ આર રહેમાનના સંગીતનો જાદુ

ભારતીય સિનેમામાંઅને એમાં પણ ખાસ કરીને હિન્દી સિનેમામાં ગત સદીનો અંતિમ દાયકો અગત્યનો બની રહ્યો હતો. હિન્દી સિનેમા નવા દિગ્દર્શકો દ્વારા ચહેરા બદલી રહ્યું હોય એવો એ દાયકો હતો. આ નવા દિગ્દર્શકોએ હિન્દી સિનેમાના મનોરંજનના તત્વો અકબંધ રાખીને પણ નવા વિષયો અને નવી શૈલીએ ફિલ્મો રજૂ કરી અને દિગ્દર્શકોએ પોતાની પણ એક આગવી ઓળખ ઊભી કરી. પણ આ બધામાં સંગીતનું મહત્ત્વ પાસું બની રહ્યું અને એમાં એ. આર. રહેમાનના સંગીતે ભારતીય સિનેમા સંગીતને એક નવી ઊંચાઈ બક્ષી. એ. આર. રહેમાન સંગીતકાર તરીકે ઓસ્કારથી સન્માનિત થાય એ પણ ભારતીય સિનેમા પ્રેમીઓ માટે હર્ષની અને ગૌરવની અનુભૂતિ બરાબર હતું. શાસ્ત્રીય અને આધુનિક સંગીતનો સમન્વય એ. આર. રહેમાન જે રીતે કરે છે એણે લગભગ એક દાયકાથી વધુ સમય સુધી જાદુ પાથર્યો હતો.






મન-રંજન
દ્વનિલ પારેખ

હમણાં 'નેટફિલક્સ' પર ક્રીતિ સેનન અભિનિત ફિલ્મ 'મીમી' આવી હતી. સરોગેટ મધરના જુદા વિષયને લઈને આવેલી આ ફિલ્મમાં એ. આર. રહેમાનનું સંગીત હતું. પણ એકાદ ગીતને બાદ કરતા આ ફિલ્મના સંગીતના ખાસ કઈ નોંધ લેવાઈ નહોતી. બાકી 'રંગીલાં, મુંબઈ, રોઝા, દિલ સે, યુવા, ગુરુ, સ્લમડોગ મિલેનિયોર, સાથિયા, તાલ, પુકાર' વગેરે કેટલીયે ફિલ્મોનું સંગીત આજે પણ ગણગણવામાં આવે છે. આ ફિલ્મોના સંગીત માટે અનેક સન્માનો એ. આર. રહેમાનને મળી ચૂક્યા છે. શાસ્ત્રીય સંગીતની સાથે એ જે રીતે ફ્યુઝન કરે છે એ શ્રવણીય બની જાય છે એમાં પણ કવ્વાલી અને કોરસનો ઉપયોગ પણ એ બખૂબી કરે છે. મુંબઈ ફિલ્મનું 'કહેના હી ક્યા' ગીતમાં જે રીતે કવ્વાલી રજૂ થઈ છે કે 'રોકસ્ટાર' ફિલ્મમાં 'ફાયા કુન...' ગીતમાં જે રીતે કવ્વાલી આવે છે એમાં સૂફી સ્પર્શ સંગીતમાં ભળેલો સાંભળી શકાય છે. 'મુંબઈ' ફિલ્મનું અત્યંત જાણીતું ગીત 'તું હી રે...' ઉછળતા દરિયાના મોજા સાથે સંગીતનું જે ઐક્ય સધાયું છે એ જોવાનું અને સાંભળવાનું બંને રીતે ભાવવિભોર કરે છે. એ.આર. રહેમાન જુદાં વાદ્યો કે પછી એકાદ વાદ્ય દ્વારા થતી અસર માટે પણ જાણીતા છે. 'સ્વદેશ' ફિલ્મના દેશભક્તિના ગીત 'યે જો દેશ હૈ તેરા' માં એ શરણાઈનો ઉપયોગ કરે છે તો 'તું હી રે...'માં વાંસળી ઉપરાંત ઘંટડીનો થતો ઝીણો રણકો આવા ગીતની જાદુઈ અસર ઊભી કરે છે. 'લગાન' ફિલ્મમાં પણ દેશી ઢાળના ગીતની સાથે ફ્યુઝન થતું અંગ્રેજી ગીત પણ એ. આર. રહેમાનની સંગીત કલાનો નમૂનો છે.

સંગીતકાર તરીકે એ. આર. રહેમાનનો સૌથી વધુ અસરકારક ઉપયોગ મણિરત્મને કર્યો. દક્ષિણની ફિલ્મો હિન્દીમાં ડબ્બ થઈ આવે ત્યારે એના શબ્દોનું જે રીતે ભાષાંતર થાય છે અને એમાં સંગીત પરોવાઈ છે ત્યારે એ હિન્દી સિવાય અન્ય ભાષાનું હોય એવુ લાગતું નથી. એ. આર. રહેમાનને કારણે જ ચિત્રા કે મોહિત ચૌહાણ કે નીતિ મોહન જોવા ગાયકોનો પરિચય હિન્દી સિનેમા પ્રેમીઓને થયો હશે. એ.આર. રહેમાનના સંગીતનો જાદુ વિસરાતો જાય (જો કે એ શક્ય નથી) એ પહેલાં એવી ફિલ્મની પ્રતીક્ષા રહે છે, કે જે એ.આર. રહેમાનની ઓળખ પાછી કરાવે.